# મુક્તાબાઈ દ્વારા એક સાચા સાધકનું માર્ગદર્શન

## ભારતની એક પ્રાચીન કથા પર આધારિત

દિવાળી, પ્રકાશના તહેવારનો સમય હતો, મુક્તાબાઈ નામની એક નાની છોકરી ગામના બજારમાં કોઈ અગત્યના કામ માટે ઝડપથી જઈ રહી હતી. તે દિવાળીના તહેવારમાં તેના પરિવાર માટે પૂરણપોળી બનાવવા માંગતી હતી. તેના માતા-પિતાનું અવસાન થઈ ગયું હતું અને હવે મુક્તાબાઈ પોતાના માટે અને તેનાં ત્રણ મોટા ભાઈઓ — નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર મહારાજ અને સોપાનદેવ માટે આ વિશેષ વાનગી બનાવવા માંગતી હતી. તે પૂરણપોળી પહેલી જ વાર બનાવી રહી હતી તેથી તેને શેકવા માટે તેને એક માટીનો તવો ખરીદવાનો હતો.

મુક્તાબાઈ ભલે ગામની અન્ય છોકરીઓ જેવાં સાધારણ લાગતાં હતાં પરંતુ તેમના ત્રણેય ભાઈઓની જેમ તેઓ પણ સિદ્ધ હતાં, આત્મજ્ઞાની હતાં જેની તેમના પડોશીઓને પણ જાણ નહોતી. આ નાની ઉંમરના સત્યના જ્ઞાતા, જ્યારે આળંદી ગામના બજારમાં ચાલી રહ્યાં હતાં ત્યારે દિવાળીના સમય દરમ્યાન લોકોના ચહેરા પર ચમકતી મિત્રતા અને સદ્‌ભાવનાને જોઈને મંદ સ્મિત કરી રહ્યાં હતાં. ગામની શેરીઓમાં લોકોની ભીડ હતી, જે આ તહેવાર માટે ફળ અને મીઠાઈ ખરીદવા આવ્યાં હતાં. મુક્તાબાઈ જેને પણ મળ્યાં તે બધાંનું આનંદથી અભિવાદન કરી રહ્યાં હતાં અને દરેક વ્યક્તિએ પણ પ્રેમથી તેમનું અભિવાદન કર્યું. ત્યાં જ તેમની મુલાકાત ગામના પ્રતિષ્ઠિત બ્રાહ્મણ વિસોબા ચાટી સાથે થઈ.

આ વ્યક્તિ ગામના એક વડીલ હતા અને રૂઢિવાદી રિવાજોનું ચુસ્તરીતે પાલન કરીને ભગવાનને પામવાની લલક રાખતા હતા. આળંદીમાં રહેતાં ઘણા બ્રાહ્મણોની જેમ વિસોબા પણ મુક્તાબાઈ અને તેમના ભાઈઓને પસંદ નહોતા કરતા, કારણકે તેમના પિતાજી વિઠ્ઠલપંતે યુવાનીમાં લગ્ન કર્યા હતા અને દુઃખી હોવાને કારણે તેમની પત્નીનો ત્યાગ કરીને સંન્યાસી બન્યા હતા. જ્યારે વિઠ્ઠલપંતના ગુરુને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે આ યુવા સંન્યાસીને ગૃહસ્થ જીવનમાં પાછા જવાનો આદેશ આપ્યો. તેમના પત્ની, તેઓ પાછા આવ્યા તેથી ખુશ હતાં પરંતુ ગામના રૂઢિવાદી બ્રાહ્મણો ખુશ નહોતા. તેમને લાગતું હતું કે કોઈપણ કારણસર સંન્યાસ ધર્મને ત્યાગવો એ ધર્મસંગત નથી અને તેમની નજરમાં વિઠ્ઠલપંતનું આ કૃત્ય આખા પરિવાર માટે એક કલંક હતું.

જ્યારે વિસોબાએ મુક્તાબાઈને ગામમાં સ્વતંત્રતાથી ફરતાં જોયા ત્યારે તેમને લાગ્યું કે આ નાની છોકરીએ કોઈ વડીલ સાથે આવવું જોઈએ, કારણકે સ્થાનિક રિવાજ આવો જ હતો. તેઓ મનમાં જ બડબડવા લાગ્યા : *આ*

*કુટુંબના લોકો હંમેશાં કંઈક ને કંઈક ખોટું કરતાં જ રહે છે. ખેર, હવે મારે જ કંઈક કરવું પડશે!* તેમણે મુક્તાબાઈને પૂછ્યું, ‘‘તું ક્યાં જઈ રહી છે?’’

મુક્તાબાઈએ સ્મિત કરીને કહ્યું, ‘‘હું દિવાળી પર પૂરણપોળી બનાવવા માટે તવો ખરીદવા જાઉં છું.’’

વિસોબાને આ જવાબથી સંતોષ થયો નહીં. તેમણે કહ્યું, ‘‘તારા જેવી નાની છોકરીએ ગામમાં આમતેમ એકલા ન ફરવું જોઈએ.’’

મુક્તાબાઈએ કહ્યું, ‘‘મને ગામમાં એકલા ચાલવામાં કંઈ વાંધો નથી, અહીં બધાં લોકો મને ઓળખે છે અને મારા ભાઈઓ પણ જાણે છે કે હું ક્યાં છું.’’

વિસોબાને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેમણે કહ્યું, ‘‘વડીલોને વળતો જવાબ આપે છે!’’

મુક્તાબાઈને વિસોબા પ્રત્યે અપાર કરુણા હતી, કારણકે તેઓ જાણતાં હતાં કે વિસોબા એક સાચા સાધક છે. તેઓ એવી રીતે જવાબ આપવા માંગતાં હતાં જેનાથી વિસોબા તેમની ધાર્મિક અસહિષ્ણુતા પર વિજય પ્રાપ્ત કરે અને તેમની સમજ વિસ્તૃત થાય. પરંતુ મુક્તાબાઈ કંઈ બોલવા જાય તે પહેલાં જ વિસોબા ઝડપથી શેરીમાં ચાલ્યા ગયા. થોડીવાર પછી, મુક્તાબાઈ પણ ફરી પાછા કુંભારની દુકાન તરફ ચાલવાં લાગ્યાં. જ્યારે તેઓ ત્યાં પહોંચ્યાં ત્યારે વિસોબા કુંભારની દુકાનમાંથી બહાર નીકળી રહ્યા હતા. તેઓ ત્યાં શા માટે આવ્યા હતા? મુક્તાબાઈને તરત જ ખબર પડી ગઈ.

કુંભારે કહ્યું કે તે તેમને તવો નહીં વેચી શકે. મુક્તાબાઈએ તેના બહાનાંઓને ધીરજથી સાંભળ્યાં — તેણે મોટી સંખ્યામાં તવા કોઈ ગ્રાહકને પહોંચાડવાના છે, તેની પોતાની પત્નીને જ બીજો તવો જોઈએ છે, તે બાળકોને કોઈપણ વસ્તુ વેચતો નથી. કદાચ ઘરે લઈ જતા રસ્તામાં જ તેનાથી તવો તૂટી જાય તો!

મુક્તાબાઈ સમજી ગયાં કે કુંભારની ના પાડવા પાછળનું કારણ વિસોબા જ હતા. આ પ્રભાવશાળી બ્રાહ્મણે જરૂર કુંભારને કોઈક રીતે ધમકી આપી હશે જેથી ડરીને તેણે મુક્તાબાઈને તવો વેચ્યો નહીં. મુક્તાબાઈને ખબર હતી કે અત્યારે તેઓ કંઈ જ કરી શકે તેમ નથી, તેથી તેઓ પાછા ઘરે આવી ગયાં અને તેમના ભાઈઓની રાહ જોવાં લાગ્યાં.

સૌ પ્રથમ તેમના વચલા ભાઈ જ્ઞાનેશ્વર ઘરે આવ્યા. તેમણે જોયું કે મુક્તાબાઈ દરવાજા પાસે બેઠાં છે. મુક્તાબાઈએ તેમને માટીનો તવો ખરીદવાં ગયાં હતાં તે વાત કરી. તેમણે કહ્યું, ‘‘વિસોબાને લાગ્યું કે કુંભારને મને તવો વેચતા અટકાવવાથી મને તવો નહીં મળે અને તવા વગર હું દિવાળીમાં પૂરણપોળી નહીં બનાવી શકું.’’

જ્યારે મુક્તાબાઈ આ વાત કહી રહ્યાં હતાં ત્યારે વિસોબા આ બાળકોના ઘરની બારી પાસે છુપાઈ ગયા. કદાચ તેમને ચિંતા થઈ કે તેમણે બાળકો સાથે કંઈક વધારે ખોટું કર્યું છે... અથવા કદાચ તેઓ એ જાણવા માંગતા હતા કે નવા તવા વગર બાળકો શું કરે છે. જે પણ હોય, તેમણે જે જોયું તેનાથી તેમનું જીવન રૂપાંતરિત થઈ ગયું.

મુક્તાબાઈ અને જ્ઞાનેશ્વર મહારાજ ચોક્કસપણે જાણતાં હતાં કે બ્રાહ્મણ તેમને જોઈ રહ્યાં છે, તેથી વિસોબાને નવી સમજ પ્રાપ્ત થાય તે માટે તેમની મદદ કરવા તેઓ ચૂપચાપ સંમત થઈ ગયાં.

પછી જ્ઞાનેશ્વર મહારાજે કહ્યું, ‘‘પણ મુક્તા, તારે પૂરણપોળી બનાવવા માટે તવાની શું જરૂર છે? તું મારી પીઠ પર પૂરણપોળી બનાવી શકે છે!’’

*તેમની પીઠ પર પૂરણપોળી બનાવવી!* વિસોબા ચકિત થઈને જોવા લાગ્યા, જ્ઞાનેશ્વર મહારાજ બે હાથ આગળ રાખીને ઘૂંટણથી વળીને સ્થિર થઈ ગયા અને મુક્તાબાઈ ગોળ ગોળ વણેલી પૂરણપોળી તેમની પીઠ પર શેકવાં લાગ્યાં. ગરમીથી પૂરણપોળી શેકાવા લાગી અને જ્યારે તેને પલટાવી તો તે સોનેરી રંગની થઈ ગઈ હતી. થોડી જ વારમાં, મુક્તાબાઈની બાજુમાં મૂકેલી થાળીમાં કરકરી, ગરમાગરમ પૂરણપોળીની થપ્પી તૈયાર થઈ ગઈ.

વિસોબા જાણી ગયા કે તેમણે એક દિવ્ય ચમત્કાર જોયો છે અને એ ચમત્કાર જ્ઞાનેશ્વર મહારાજની જ લીલા છે. વિસોબાએ જ્ઞાનેશ્વર મહારાજ તરફ નવા દૃષ્ટિકોણથી જોયું. હવે તેઓ ધાર્મિક પૂર્વગ્રહ વિના જોઈ રહ્યાં હતા, તેમને જ્ઞાનેશ્વર મહારાજના સ્મિતમાં પ્રજ્ઞાન અને કરુણા દેખાઈ. હવે વિસોબાને સમજાઈ ગયું કે જ્ઞાનેશ્વર મહારાજ જરૂર એક સિદ્ધ છે. વિસોબા પોતે આ આત્મજ્ઞાનની અવસ્થા પ્રાપ્ત કરવા માટે વર્ષોથી પ્રયત્નો કરી રહ્યા હતા પરંતુ ક્યારેય સફળતા નહોતી મળી. બ્રાહ્મણે વિચાર્યું કે *આ નાનો બાળક જન્મથી આ જ ગામમાં રહે છે, પરંતુ વર્ષોથી તેમની મહાનતાથી હું અજાણ હતો.*

મુક્તાબાઈ પૂરણપોળી બનાવી રહ્યાં હતાં ત્યારે વિસોબાને આશ્ચર્યથી ઉદ્ગાર કરતા સાંભળી લીધાં હતાં અને હવે તેમણે બારીમાંથી વિસોબાને બૂમ પાડીને કહ્યું, ‘‘વિસોબાજી, શું ત્યાં તમે છો? મેં હમણાં જ પૂરણપોળી બનાવી છે. શું તમે અંદર આવીને એક પૂરણપોળી ખાશો?

હવે વિસોબાનું રૂપાંતરણ થઈ ગયું હતું, તેમણે ઘરમાં પ્રવેશ કર્યો. પોતાના હાથ જોડીને નમસ્કાર કરતા તેમણે જ્ઞાનેશ્વર મહારાજને કહ્યું, ‘‘હું જોઈ શકું છું કે મારે તમારી પાસેથી ઘણું બધું શીખવાનું છે. કૃપા કરીને આપના શિષ્ય તરીકે મારો સ્વીકાર કરો.’’

વિસોબાને અંદર આવવા માટે આમંત્રણ મુક્તાબ આત્મજ્ઞાની ગુરુની પૂર્ણ કરુણા સાથે, પોતાની નાની બહેન તરફ સંકેત કરતા બ્રાહ્મણને કહ્યું, ‘‘તમે મુક્તાબાઈના શિષ્ય બની શકો છો.’’

વિસોબા આશ્ચર્યથી અવાક્ રહી ગયા. આ નાની છોકરી! *તેમની* ગુરુ હશે! પરંતુ જ્યારે તેમણે મુક્તાબાઈની જ્ઞાનપૂર્ણ, કરુણાસભર આંખોમાં જોયું ત્યારે તેમને આત્મજ્ઞાનની ચમક દેખાઈ. આ વિદ્વાન પુરુષ સમજી ગયા કે એક બાળક હોવા છતાં મુક્તાબાઈ પણ એક આત્મજ્ઞાની સિદ્ધ છે અને તેમનું હૃદય મુક્તાબાઈ પ્રત્યે ભક્તિથી ભરાઈ ગયું.

વિસોબાએ જેના પર થોડીવાર પહેલાં ગામની શેરીમાં ગુસ્સો કર્યો હતો એ મુક્તાબાઈને આદરપૂર્વક પ્રણામ કર્યા અને કહ્યું, ‘‘આજે સવારના મારા વર્તન બદ્દલ હું માફી માંગું છું. કૃપા કરીને મને માફ કરો અને આપના વિનમ્ર શિષ્ય તરીકે મારો સ્વીકાર કરો.’’

તેમની લલકમાં રહેલી નિષ્ઠાને ઓળખીને મુક્તાબાઈએ ઉદારતાપૂર્વક માથું હલાવી હા પાડી. સમય જતાં, મુક્તાબાઈની કૃપાથી અને તેમનાં માર્ગદર્શનનું પાલન કરવાથી, વિસોબાએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેઓ પોતે બીજા મહાન સંતોના ગુરુ બન્યા.

દિવાળીના આ દિવસે, આજે વિસોબાજી મુક્તાબાઈના પરિવારની સાથે ભોજનમાં જોડાયા હતા અને પૂરણપોળીનો સૌથી વધારે આનંદ તેમણે જ માણ્યો હતો!

રચના કેરોન દ્વારા પુનઃ કથિત
લુસીલ્ડા દાસર્ડો કૂપર દ્વારા ચિત્રિત

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.